## ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૨/૨૦૨૫ તા.૦૬/૦૧/૨૦૨૫

**વિગત :-**

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૩૦/૧૨/૨૦૨૪ થી તા.૦૫/૦૧/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોય**

(૧) ઉદ્યોગનગર પો.સ્ટે. જા.જોગ નં.૩૧/૨૦૨૪ તા.૦૬/૦૮/૨૪ મુજબના કામે સીમાબેન ડો.ઓ. મગનભાઇ સાદીયા રહે.નવો વણકરવાસ, કોલીખડા, તા.જી.પોરબંદર વાળીને તા.૦૧/૦૧/૨૦૨૫ના રોજ મોમાઇ ડાઇનીંગ હોલ ઘંટેશ્વર, રાજકોટ ખાતેથી પેરોલ ફર્લો સ્કોડના ASI જે.આર.કટારા, HC વી.એમ.વરૂ તથા HC જેતમાલભાઇ નાઓએ શોધી કાઢેલ છે

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

તા.૦૩/૦૧/૨૦૨૫ ના રોજ કમલાબાગ પોલીસ સ્ટેશનના પી આઈ શ્રી આર.સી.કાનમીયાના માર્ગદર્શન હેઠળ પોરબંદરમાં આવેલ ઘેડીયા સ્કૂલમાં ૧૮૧ ટીમ, સી ટીમ તેમજ PBSC ના સંકલનમાં રહીને અવરનેસ કાર્યક્રમનું આયોજન કરેલ. જેમા આશરે ૬૦ જેટલા વિદ્યાર્થિનીઓને ગુડ ટચ બેડ ટચ, ૧૮૧ અભયમ હેલ્પલાઇન તેમજ ૧૮૧ એપ્લિકેશન વિશે, સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર ૧૯૩૦, સાઈબર ફ્રોડ, નંબર ૧૦૦/૧૧૨, ચાઇલ્ડ લાઇન, તેમજ મહિલા પોલીસ સ્ટેશન તથા પોસ્કો એક્ટ વિશે, osc સેન્ટર ,pbsc સેન્ટર વિશેની માહિતી આપેલ. શી ટીમ ના સભ્ય - WLR રીટાબેન અરશીભાઇ તથા WPC કિરણબેન ચાવડા કાઉન્સેલર : મીરા માવદિયા તથા Pbsc કાઉન્સેલર- તેજલ બેન રાજાણી વાળાઓ હાજર રહેલ હતા.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ કે.એમ.સૈયદ તથા લોકરક્ષક વાલીબેન સાથે કડિયાપ્લોટ વિસ્તારમાં જઈને સિનિયર સિટીઝનની મુલાકાત લીધેલ અને વૃદ્ધા વસ્થામાં દીકરા અને વહુવારુ સારી રીતે સાચવે છે ને જે બાબતે હાલચાલ પુછી અને કોઈપણ જાતની તકલીફ હોય તો અમો પોલીસને જાણ કરવા માહિતી આપેલ. તેમજ પોલીસ કંટ્રોલરૂમને ૧૦૦ ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માર્ગદર્શન આપેલ.

(૨) તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના અધિકારી/કર્મચારીઓ દ્વારા ચોપાટી વિસ્તારમા ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે માહીતગાર કરેલ છે.

(૩) તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ બંગડી બજાર વિસ્તારમાં મહિલાઓની મુલાકાત લીધેલ જેમાં મહિલાઓ ઉપર થતા અત્યાચાર શારીરિક માનસિક દુઃખત્રાસ તેમજ તેમજ ઘરેલુ હિંસા બાબતે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ પોલીસ હેલ્પ લાઇન નંબર 100 તેમજ મહિલા હેલ્પલાઇન 181 તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઈન નંબર 1930 વિશે મદદ મેળવવા યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

**હાર્બર મરીન પો.સ્ટે.**

તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ સુભાષનગર FLC ખાતે માચ્છીમારો ફીશરમેન વોચગૃપના અવેરનેશ કાર્યક્રમ તથા માચ્છીમારો, બોટ/પીલાણાના માલીકો તથા ખલાસી/ટંડેલનાઓને દરીયાકાંઠા તથા દરીયા કીનારે કોઇ શંકાસ્પદ વ્યકતી કે હીલચાલ જણાય આવે કે દરીયાની અંદર કોઇ દેશદ્રોહી પ્રવૃતી જણાઇ આવે તો તાત્કાલીક ઇમરજન્સી નં.૧૦૯૩/૧૦૦ ઉપર ફોન કરવા તથા તંત્રના આંખ કાન બનવા સમજ કરેલ છે તેમજ IMBL ક્રોસ ન કરવા તથા લાઇન/લાઇટ ફીશીંગ ન કરવા અને કાયદાથી પ્રતીબંધીત છે તે કાયદાકીય સમજ કરેલ છે તેમજ ટોકન લઇને જ માચ્છીમારી કરવા જવા અને તેમા સાચી અને પુરેપુરી માહીતી આપવા વિગેરે જરૂરી માર્ગદર્શન આપી સમજ કરેલ છે.

**મહીલા પો.સ્ટે.**

(૧) તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. કે.એમ.સૈયદ તથા મહીલા હેલ્પ લાઈન 181 ના સ્ટાફ WLR સેજલબેન તથા કાઉન્સિલર નીરૂબેન સાથે સંકલનમાં રહીને ભાવેશ્વર મંદિર દર્શનાર્થે આવેલા સિનિયર સિટીઝન બહેનોની મુલાકાત લીધેલ. વૃદ્ધાવસ્થામાં તેમને તેમના સંતાનો તેમના પુત્ર કે પુત્રવધુ દ્વારા ત્રાસ કે હેરાનગતિ કે પ્રોપટી છીનવી લઈને વૃધ્ધા આશ્રમમા જવા માટે કહે ત્યારે ૧૦૦/૧૮૧ નંબર પર ફોન કરી શકો. પોલીસ પ્રજાનો મિત્ર છે વિના સંકોચે પોલીસની મદદ મેળવી શકો છો જે બાબતે માહિતી આપેલ. તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા શારીરિક માનસિક દુઃખ ત્રાસ જાતીય શોષણ જેવા બનાવો બને ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલા તેમજ મોબાઇલમાં અજાણી વેબસાઈટ ખોલીને તેની કોઈ લીંકમાં ઇન્વેસ્ટ માટેની લીંક ન ઓપન કરવા જણાવેલ આવી કોઈ લીંકનો ભોગ બનો તો 1930 નંબર પર ફોન કરી જાણ કરી શકો છો સાયબર ગુનાઓ માટે 1930 નંબર કઈ રીતે ઉપયોગી થાય તેના વિશે મહિલાઓને સમજાવવામાં આવેલા પોલીસ પ્રજાનો મિત્ર છે જેથી બિના સંકોચે વગર પોલીસની મદદ માગી શકો તેવું સમજાવેલ તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે પણ 100 નંબર તથા 181 મહિલા હેલ્પલાઇનને ફોન કરી તાત્કાલિક મદદ લઈ શકાય તે વિશે જરૂરી માહિતી આપેલ.

(૨) તા.૩૧/૧૨/૨૦૨૫ ના રોજ કોમ્બિંગ ના.રા. દરમ્યાન મહીલા પો.સ્ટે.ના પી.આઇ.વી.કે. ગોલવેલકર તથા પી.એસ.આઇ. કે.એમ.સૈયદ તથા પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે ચોપાટી ખાતે વાહન ચેકિંગ કરવામાં આવેલ. તેમજ મહિલાઓને સુરક્ષા સબંધે 100 નંબર પોલીસ મદદ માટે અને 181 મહિલા હેલ્પલાઇન વિશે માહિતગાર કરેલ તેમજ ઘરેલુ હિંસા તેમજ શારીરિક માનસિક દુઃખ ત્રાસ તેમજ કોઈ પજવણી કરે તો મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવાનું જણાવેલ તેમજ સાયબર ક્રાઇમ અનુસંધાને હેલ્પલાઇન નંબર 1930 અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. નવા વર્ષની શુભકામના પાઠવવામાં આવેલ.

(૩) તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પો.સ્ટે.ના પી.એસ.આઇ કે.એમ.સૈયદ તથા પો.કોન્સ. લતાબેન સાથે રહી સિનિયર સિટીઝનની મુલાકાત કરેલ. જેમાં વૃદ્ધાવસ્થામાં તમને તમારા સંતાનો પુત્ર કે પુત્ર વધુ દ્વારા ત્રાસ કે હેરાનગતિ કરી તમારી પ્રોપર્ટી છીનવી લે અને તમને વૃદ્ધાવસ્થામાં વૃદ્ધાશ્રમમાં રહેવા જવાનું તમને કહે ત્યારે તમો 100 નંબર ફોન કરી પોલીસને જાણ કરી મદદ મેળવવી, તેમજ મહિલા હેલ્પ લાઈન 181 નંબર પર ફોન કરી મદદ મેળવવી પોલીસ પ્રજાનો મિત્ર છે તમે વિના સંકોચે પોલીસની મદદથી મેળવી શકો છો જે બાબતની માહિતી આપેલ તેમજ મહિલાઓના ઘરેલુ હિંસા શારીરિક માનસિક દુઃખ ત્રાસ જાતીય શોષણ જેવા બનાવો બને ત્યારે મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા માર્ગદર્શન આપેલ તેમજ મોબાઇલમાં અજાણી વેબસાઈટ ખોલીને તેની કોઈ લીંકમાં ઇન્વેસ્ટ માટેની લીંક ન ઓપન કરવા જણાવેલ આવી કોઈ લીંક નો ભોગ બનો તો 1930 નંબર પર ફોન કરી જાણ શકી શકો છો સાઇબર ગુનાઓ માટે 1930 નંબર કઈ રીતે ઉપયોગી થાય તેના વિશે પણ મહિલાઓને માહીતી આપેલ.

(૪) તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ના PSI એ.સી.નિમાવત, PSI કે.એમ.સૈયદ દ્વારા એમ.જી.રોડ પર આવેલ ગાર્ડનમાં મહિલાઓને એકઠી કરીને મહિલાઓને પોતાની સુરક્ષા કેવી રીતે કરવી તેની સમજ કરેલ તેમજ ઘરેલું હિંસા, છેડતીમાં પોલીસ કેવી રીતે મદદ કરે તે વિશેની સમજ કરેલ કોઈ બહેનને તેમના પતિ હેરાન કરતા હોય તો બન્ને પતિ પત્નીને મહિલા પોલીસ સ્ટેશનમાં બોલાવીને કાઉન્સિલીગ કરાવીને સમાધાન કરાવીએ છીએ તેમજ અવાવરૂ જગ્યાએ ચાલવુ નહીં જાહેર જગ્યાએથી ચાલવું તેવી સમજ કરેલ તેમજ ફેસબુક, ઇન્સ્ટાગ્રામ સમજદારી પુર્વક વાપરવા સમજ કરેલ. તેમજ સાયબર ક્રાઇમ હેલ્પ લાઇન નંબર 1930 ની મદદ લેવી, પોકસો જેવા બનાવોમાં પોલીસ તથા 181, 100 હેલ્પ લાઇન કઈ રીતે મદદ રૂપ થાય તેની સમજ કરેલ તેમજ ટ્રાફીકના નિયમોની માહિતી આપેલ, તેમજ નવા કાયદા ત્રણ તા.1//7/2024 થી અમલમાં આવેલ તે અંગે સમજ કરેલ.

(૫) તા.૦૨/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન ખાતે અરજદાર બહેનશ્રી તેના પતિ વિરુદ્ધ ઘરેલુ હિંસા સબબ રજૂઆત કરવા આવતા મહીલા પો.સ્ટે.ના અધિકારીશ્રી દ્વારા બહેનની રજૂઆત શાંતિથી સાંભળેલ અરજદાર બેનને તેના પતિ દુઃખ ત્રાસ આપતા હોય તેથી અરજદાર બહેનને તેના પતિ વિરુદ્ધ ફરિયાદ અરજી કરવી હોય. જેથી અરજદાર બહેનની તેમના કહ્યા મુજબ મૌલિક ભાષામાં લેખિતમાં ફરિયાદ અરજી તેમના પતિ વિરુદ્ધ કાયદેસર કાર્યવાહી કરવા લીધેલી તેમજ બહેનને જરૂરી માર્ગદર્શન આપેલ.

(૬) તા.03/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI કે.એમ.સૈયદ તથા લોકરક્ષક પ્રાચીબેન રેલ્વે સ્ટેશન રોડ ફુટ પેટ્રોલિંગ દરમ્યાન ટ્યુશન ક્લાસમાં જતી વિદ્યાર્થીની બહેનોને એકઠી કરી સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે માટે જાણકારી આપેલ. તેમજ ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે અંગે સમજ કરેલ.

(૭) તા.03/૦૧/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના PSI કે.એમ.સૈયદ તથા એ.સી. નીમાવત તથા પો.કોન્સ. લતાબેન દ્વારા ભોજેશ્વર પ્લોટમાં ટ્યુશન ક્લાસમાં જઈને વિદ્યાર્થીની બહેનોને સેલ્ફ ડિફેન્સ તેમજ પોતાની સુરક્ષા કઈ રીતે કરવી તે માટે જાણકારી આપી એવરનેસ કાર્યક્રમ કરી મહીલાઓને લગત સી ટીમની કામગીરી કરેલ જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા

બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ મા ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે સમજ કરેલ. તેમજ ટ્રાફિકને લગત જરૂરી માર્ગદર્શન આપેલ.

(૮) તા.03/૦૧/૨૦૨૫ ના રોજ મહીલા પો.સ્ટે.ના પી.એસ.આઇ એ.સી.નિમાવત તથા કે.એમ. સૈયદ તથા સ્ટાફ દ્વારા ખીજડીપ્લોટ વિસ્તારમાં ટ્યુશન ક્લાસના વિદ્યાર્થી ટ્રાફિક અવરનેસ બાબતે સેમીનાર કરવામાં આવેલ જેમાં લોકો વાહન અકસ્માતનો ભોગ ન બને અને વાહન અકસ્માત ન સર્જાય તે માટે વાહન ચાલકો અને લોકોને હેલ્મેટ, સીટ બેલ્ટ, સેલફોન, વાહનની ગતિ મર્યાદા, લાયસન્સ, વિમો વિગેરે ડોક્યુમેન્ટ બાબતે અને રોગ સાઈડમાં વાહન ન ચલાવવા માટે ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરવા માટે તેમજ ગુડસમરીટન યોજના બાબતે વિગતવાર કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ માર્ગ સલામતી માટેના સોનેરી નિયમો ની પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ.

(૯) તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ પોરબંદર મહિલા પોલીસ સ્ટેશનના PSI કે.એમ.સૈયદ તથા PSI એ.સી.નીમાવત તથા 181 સ્ટાફ સાથે સંકલનમાં રહી પક્ષી અભ્યારણ જઈને મહિલાઓનો એકઠી કરી ને સી ટીમની કામગીરી કરેલ. જેમા મહિલાઓને વ્હાલી દિકરી યોજના અંતર્ગત મળતી સહાય વિશે, ભૃણહત્યા વિશે તથા મહિલાઓને તેમની સુરક્ષા વિશે માહિતગાર કરેલ. જેમા મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતી, સાયબર ક્રાઈમ (૧૯૩૦), પોકસો જેવા બનાવોમા પોલીસ તથા ૧૮૧ કઈ રીતે કઈ રીતે મદદરૂપ થાય તેના વિશે માહિતી આપેલી. નિરાધાર મહિલાઓની મદદ માટે નંબર ૧૦૦ તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિશે માર્ગદર્શન આપેલ.

(૧૦) મહિલા પો.સ્ટે.ના પી.આઈ વી.કે.ગોલવેલકર તથા પી.એસ.આઇ કે.એમ.સૈયદ તથા એ.સી.નિમાવત દ્વારા ડ્રાઈવ અંતર્ગત રેલ્વે સ્ટેશન રોડ પર ફૂટપાટ ઉપર ભિક્ષુક ભીખ માંગી ત્યાંજ ફુટ પાટ ઉપર સૂઇ રહેલા ભિક્ષુકની મુલાકાત લીધેલ ભિક્ષુકને શાંતિપૂર્વક પ્રેમથી તેમનું નામ ઠામ પૂછેલું તેમજ તેમના પરિવાર વિશે માહિતગારી મેળવેલી. બાદ ભિક્ષા નહીં માંગવા અને તેમને તમારા પરિવાર સાથે મિલન કરાવવા માટે પોલીસ મદદ કરવા તૈયાર છીએ તેમ જણાવેલ અને જો તમારા પરિવારના સદસ્યો કોઈ તમોને રાખવા તૈયાર ન હોય તો વૃદ્ધાશ્રમમાં આશ્રય માટે મુકવા આવવા પોલીસ તમોને મદદ કરવા તૈયાર છીએ તેમ વિશ્વાસમાં લેતા ભિક્ષુક રડતા રડતા પોતે પોતાનું નામ નટવરલાલ જયશંકર મોઢા, ઉંમર વર્ષ ૮૦, રહે.છાયા લુહાણા મહાજન વંડી પોરબંદર વાળા હોય અને જેવો છેલ્લા દસ વર્ષથી પોતાનુ ઘર છોડીને નીકળી ગયેલ હોય અને પોતે ભીખ માંગીને ગમે ત્યાં ફૂટપાથ ઉપર રહી ભીખ માંગીને પોતાનું જીવન જીવતા હોય પોતાને સંતાનમાં બે દીકરાઓ હોય તેવું જણાવતા તેના દીકરાઓનું નામ ઠામ અને સરનામું જાણી તેમના દિકરાઓનો કોન્ટેક્ટ કરી ભિક્ષુકને તેમના ઘરે તેમના પરિવાર સાથે મિલન કરાવવા આગળની કાર્યવાહી કરવામાં આવેલ.

જે આપશ્રી ને વિદિત થાય.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર